ગુજરાતની નવી પેઢીના વિકાસમાં પ્રકાશ પ્રસારતું સામયિક

મેનેજિંગ તંત્રી : ફા. વિજય ડિસોઝા એસ.જે.

અખિલ ગુજરાત વિદ્યાર્થી વિકાસ સંઘ

તંત્રી : રાહુલ રાઠોડ

# જ્યોત

અંક : ૧૨૫ વર્ષ — ૩૮ ડિસેમ્બર - ૨૦૧૪



## *ફા. અમલરાજ સેબાસ્તિયન એસ.જે.*

*"માનવપુત્ર સેવા લેવા નહીં પણ સેવા કરવા અને સૌની મુક્તિ માટે પોતાનું જીવન અર્પી દેવા અવતર્યો છે." (માથ્થી ૨૦:૨૮)*

પોતાની વિકલાંગતાથી લાચારીને ગણકાર્યા વિના અન્યાય અને અસમાનતા સામે સત્ય, ન્યાય, સમાનતા તથા બંધુતાની રણભૂમિમાં માનવતાના પક્ષે રહી લોકહિત માટે સતત ઝઝૂમ્યા કરવું એ ફા. અમલરાજની ઓળખ હતી. પ્રભુ તેમના આત્માને શાશ્વત વિરામ આપે અને આપણને તેમના ઉમદા જીવનમાંથી પ્રેરણા આપે તેવી પ્રાર્થના સહ....

**તંત્રી**

રાહુલ રાઠોડ

**મેનેજિંગ તંત્રી**

ફા. વિજય ડિસોઝા એસ.જે.

**ટાઈપીંગ**

અનિકા મેકવાન

**મુદ્રક**

ફા. ઍગ્નેલો વાઝ એસ.જે.,

આણંદ પ્રેસ, ગામડી-આણંદ

ફોન નં. - ૦૨૬૯૨-૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

Email - anandpress@gmail.com

**પ્રકાશક**

આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર,

વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ ફોન : ૦૨૬૯૨-૨૩૭૬૦૩

**અનુક્રમણિકા**

તંત્રી સ્થાનેથી ........ ૧

મારો અનુભવ ........ ૨

**Letter to the person with a difference!** ........ ૩

મારો અનુભવ ........ ૬

એકલપગા અમલરાજનાં વિશાળ પગલાં........ ૭

મારો અનુભવ ........ ૮

JEMAI 4th National Tribal Festival - Report ........ ૯

માહિતી અધિકાર અધિનિયમ સેમિનાર - અહેવાલ ........ ૯

આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ - અહેવાલ........૧૦

માજીસ ૨૦૧૪ - અહેવાલ........૧૧

GJYM Programme photos ........ ૧૨

# તંત્રી સ્થાનેથી...



વહાલા વાચક મિત્રો,

કોઈ કવિએ સાચે જ કહ્યું છેઃ

"કોઈ તારું નહીં તો તું તારો થજે,
આભમાં ચમકતો શુક્ર તારો થજે"

ફા. અમલરાજ માટે ઉપરોક્ત પંક્તિ સાચે જ સાચી ઠરે છે, જેમણે સંન્યાસી જીવન સ્વીકારી લોકોની સેવા કાજે પોતાનું સર્વસ્વ હોમી દીધું. તેઓ સ્વભાવે હસમુખા, સ્વ પુરુષાર્થી, નમ્ર તેમજ નિખાલસ હતા. જ્યાં જ્યાં તેમણે કાર્ય કર્યું ત્યાં ત્યાં તેમણે આભ ચમકાવતા શુક્રના તારાની જેમ પોતાની સુવાસ પ્રસરાવી અને અમીટ છાપ છોડી છે.

હું ૨૦૧૨માં ફા. અમલરાજના સંપર્કમાં આવ્યો ત્યારે હું AGSDM નો સક્રિય સભ્ય હતો. મારું કામ જોઈ ફાધરે મને AGSDM ફુલટાઈમર તરીકેની જવાબદારી સોંપી. હું ખંભોળજ, ઓડ અને AGSDM ની બીજી ઘણી શાખાઓ સંભાળતો અને યુવાપ્રવૃત્તિઓ કરતો. વિવિધ શાખાના વિદ્યાર્થીઓ માટે આશાદીપ ખાતે જ્યારે મિટિંગ અને શિબિરનું આયોજન કરતો ત્યારે ફાધર તેમનું અમૂલ્ય માર્ગદર્શન અને ટેકો મને આપતા જે મને આગળ વધવામાં ઉત્તરોત્તર મદદરૂપ થતું. તેઓ હંમેશાં મને કહેતા જે પણ કાર્ય કરો તે પૂરી નિષ્ઠા અને પૂરી તત્પરતાથી કરો.

તેમની યાદશક્તિ ખૂબ જ તેજ હતી. તેઓ દરેક કાર્ય ખૂબ જ ઝીણવટતાથી અને સચોટતાથી કરતા. સોંપેલું કાર્ય સમયસર પૂરું થાય તેવો તેમનો હંમેશા આગ્રહ રહેતો. વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડવામાં ઉપયોગી બની રહે તેવા કાર્યક્રમોનું તેઓ અચૂકપણે આયોજન કરતા. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક મદદ પણ કરતા. ફાધરના સહકાર થકી જ AICUF (All India Catholic University Fedreation) માં પણ AGSDM ની એક અનોખી છાપ ઉભી થઈ હતી.

ફા. અમલરાજ સતત વ્યસ્ત હોવા છતાં વિદ્યાર્થીઓની દરેક પ્રવૃત્તિમાં તેમની અચૂક હાજરી રહેતી, જે વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવામાં પ્રોત્સાહન પૂરું પાડતી હતી.

આશાદીપ તેમજ AGSDM પરિવાર ફાધરના અવસાન ટાણે મોટી ખોટ અનુભવે છે. સ્વર્ગલોક પામેલ ફાધર અમલરાજને "જ્યોત" નો આ અંક અમે તેમને સમર્પિત કરીએ છીએ. તેમના માનમાં જ્યારે આ અંક પ્રકાશિત થવા જઈ રહ્યો ત્યારે પરમેશ્વર પિતાને માત્ર એટલી જ પ્રાર્થના કે ફાધર અમલરાજને તેમની અમૂલ્ય સેવા બદલ સ્વર્ગમાં અનેક ઘણો બદલો આપે.

આપના સહુના સહકારની અપેક્ષા સહ...

રાહુલ રાઠોડ

Email : rathodrahul911@gmail.com

Mob.: 9726395396

**વહાલા વાચક મિત્રો, 'જ્યોત' અંક ૧૨૫ આપની સમક્ષ મુકતાં જણાવવાનું કે, 'જ્યોત'માં પ્રસિધ્ધ થતા લેખો પર આપના અભિપ્રાયો તથા સૂચનો મોકલી આપી શકો છે. સાથે સાથે સમાજને પ્રેરણાદાયી બને તેવા આપના લેખો, વિચારો, મંતવ્યો પણ આવકાર્ય છે.**

# મારો અનુભવ

## ફાધર વિલિયમ (રિશ્તા)



ફાધર અમલરાજની અંતિમક્રિયા માટે જ્યારે એમના મૃતદેહને આણંદ દેવાલયમાં લાવીને મૂક્યો ત્યારે એના પર પુષ્પો મૂકી, અંજલી અર્પવાની એમના ચાહકોની ભીડ જામેલી હું જોઈ રહેલો ત્યારે, કવિએ રચેલા શેરના આ શબ્દો શબપેટીમાં ચિરનીદ્રામાં પોઢેલા ફાધર અમલરાજને માટે જ ઉચ્ચારાયા હોય તેવી મને સતત પ્રતિતી થતી હતીઃ

'આઝાદ', જિન્દગી જો મહેંકે તો જિન્દગી છે,

ફૂલોને લાવશો મા, મારા મઝાર પાસે.

સાચે જ, બેએક વર્ષના મારા ટૂંકા સહવાસ દરમ્યાન મેં નિહાળ્યું કે ફાધર અમલરાજની જિન્દગી સતત અનેકવિધ સેવાપ્રવૃત્તિઓથી મહેંકતી રહેતી હતી. એમના સ્કંધે ભગવાને જે ક્રોસ મૂકેલો તેનો દુઃસહ્ય બોજ તેમણે લાંબાં પીસ્તાળીસ વરસો સુધી અસીમ ધીરજ રાખીને ઉપાડ્યો - હકીકતે એ ઉપાડવાની તેમને ફરજ પડી હતી. તેમ છતાં પંગુતાની એમની શારીરિક મર્યાદા ક્યારેય લોકસેવા કરવામાં એમને વિઘ્નરૂપ નીવડી નહોતી. વાસ્તવમાં એમણે એ મર્યાદા વિઘ્નરૂપ ન બને, એની સભાનપણે ને સતત સાવચેતી રાખીને, એનો સામનો કર્યો ને એને સતત પરાજિત કરી. પંગુતા હોવા છતાં લોકસેવાર્થે દૂર દૂર થકવી નાખતી મુસાફરી કરવા ને અજાણ્યા, અપરિચીત કે અણગમતા ભૌગોલિક /સામાજિક સંજોગોમાં રહેવા એમણે સંમતિ દર્શાવી હતી એટલું જ નહિ, જેમની સાથે તે રહ્યા ને જેમની સેવા કરી તે સૌની લોકચાહના પણ પ્રાપ્ત કરી હતી.

એમનું સેવાક્ષેત્ર ગુજરાત પૂરતું મર્યાદિત નહિ પરંતુ છેક વેનેઝુએલા, ઈસ્ટ ઈન્ડીઝ, આયરલેન્ડ ને અન્ય પ્રદેશો સુધી વિસ્તર્યું હતું. માનવસેવાર્થે એમણે કોઈ નિશ્ચિત સ્થળ, સમય, સમાજ, સેવા-સ્વરૂપ આદિ પ્રકારની સીમા નહોતી આંકી કે નહોતી નક્કી કરી. માનવબંધુ/ભગિનીને કોઈક રીતે, ક્યાંક મદદરૂપ થવાય છે કે નહિ એવી એક માત્ર, સેવા પ્રવૃત્તિની પસંદગી માટેની તેમની પૂર્વ શરત હતી. વાસ્તવમાં સેવાપ્રવૃત્તિ પસંદ કરવાની આવી બહોળી ગુંજાઈશ (સ્કોપ) ને કારણે તેમનું સેવાક્ષેત્ર વિશાળ અને વ્યાપક બની ગયું હતું, જેમાં જરૂરીયાતમંદ એવા સહુ કોઈને આસાનીથી પ્રવેશ મળી શકતો હતો.

પ્રસ્તુત વિધાનોના સમર્થનરૂપે મારી જાણમાં છે એવી એમની બેએક સેવા પ્રવૃત્તિઓની માહિતી આપું તો તે લેખમાં અસ્થાને નહિ ગણાય. સને ૨૦૦૦માં કચ્છ-ભુજમાં ભુકંપ થયો ત્યારે ત્યાં રહેવા-જમવા-કામ કરવા અતિ પ્રતિકુળ સંજોગો હોવા છતાં તે ત્યાં દોડી ગયા અને તેમની ટીમ સાથે અત્યંત જરૂરી રાહતકામો શરૂ કરી દીધાં. રાહતકામો માટે એમણે આર્થિક સ્રોતો પણ ખૂબ પરિશ્રમ ઉઠાવીને શોધી કાઢ્યા ને ભૂકંપગ્રસ્તોને ઘર બાંધવા સહાય કરી તથા રોજ રોજ અસરગ્રસ્ત પરિવારોના સભ્યોને સવાર સાંજ પૂરતું ખાવાનું મળે એની ચિંતા કરીને એ પહોંચાડ્યું. ભુકંપના કારણે વિદ્યાર્થીઓ અને તેમાંયે ખાસ કરીને તો છોકરીઓના ભણવા પર માઠી અસર પડી હતી. કારણ, શાળાઓનાં મકાનો ધરાશયી થઈ ગયાં હતાં. ફાધરે એના અસરકારક ને કાયમી ઉકેલ તરીકે માળિયા મુકામે એક ગર્લ્સ હોસ્ટેલ બાંધી ને શરૂ કરી જેથી અસરગ્રસ્ત પરિવારોની દીકરીઓ ત્યાં રહીને નજીકની કોઈ પણ શાળામાં પોતાનું ભણવાનું ચાલુ રાખી શકે. આજે પણ એ હોસ્ટેલ ચાલુ છે. માળિયા તો વિદ્યાનગરથી બહુ દૂર છે ને ત્યાં પહોંચતાં પાંચ કે છ કલાક લાગે. ફાધર અમલરાજ ફોન દ્વારા અવારનવાર હોસ્ટેલ વિશે તપાસ કરતા રહેતા હતા એટલું જ નહિ, દર મહિને નિયમિત ત્યાં કંટાળાજનક ને થાક લાગે એવી લાંબી મુસાફરી ખેડતા હતા તથા વિદ્યાર્થિનીઓને મળીને તેમની કશી ફરિયાદો હોય તો તેનું નિવારણ કરતા હતા. હોસ્ટેલમાં રહેતી એ વિદ્યાર્થિનીઓને માટે માઉન્ટ આબુ, સાપુતારા, ગિરનાર વગેરે સ્થળોના પ્રવાસ

પણ કરાવતા હતા. ગઈ સાલ તેમને વિદ્યાનગર બોલાવીને અમૂલ ડેરી, ખેતીવાડી, કરમસદમાં સરદાર વલ્લભભાઈ પટેલનું ઘર, વિદ્યાનગરની વિવિધ કોલેજો તથા નજીકનાં જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવી તેમને આનંદ કરાવ્યો હતો. એ બાળાઓને ફાધર માટે કેટલાં સ્નેહવાત્સલ્ય હતાં એ તો જ્યારે એ તેમને મળતા ને પાસે બેસી વાતો કરતા,હસતા ને હસાવતા ત્યારે ખ્યાલ આવતો હતો. આ હોસ્ટેલ દ્વારા એમણે કેટલીય ગરીબ ને પછાત પરિવારોની બાળાઓનું ભણતર બચાવી લીધું છે ને તેમને નિરક્ષરતાની ગુલામીમાંથી મુક્ત કરી છે. આજેય એ હોસ્ટેલ ચાલુ છે ને પ્રભુને પ્રાર્થીએ કે એ ચાલુ રહે.

'આશાદીપ' ની એક વિદ્યાર્થીલક્ષી ને ઘણી હિતકારી પ્રવૃત્તિ 'અંકુર' છે જેનો લાભ બહુધા મધ્યમવર્ગી પરિવારોનાં હાઈસ્કુલોમાં ભણતાં સંતાનો લે છે. 'અંકુર' તેમને અભ્યાસ સાથે સાથે જીવનોપયોગી તથા અભ્યાસ બાદ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તેવું ઘણું શીખવે છે. અંકુરના ઘણા ભૂતપૂર્વ લાભાર્થીઓ આજે ઉચ્ચ વેતનોવાળાં મોટાં સ્થાનોએ બેસીને આર્થિક રીતે સંપન્ન થયા છે. ગરીબ હિતેચ્છુ ફાધર અમલરાજે પ્રસ્તુત પ્રવૃત્તિનો લાભ સામાન્ય તથા જરૂરીયાતમંદ પરિવારોનાં સંતાનોને પણ ઉપલબ્ધ થાય એવા શુભાશયે વિદ્યાનગરના એક ગરીબ વિસ્તારનું સર્વેક્ષણ કર્યું અને તેમાં વસતાં પરિવારોનાં સંતાનોને પણ અંકુરમાં દાખલ કરવાનું વિચાર્યું અને તેના માટેનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. 'આશાદીપ' ની સેવાપ્રવૃત્તિઓ અમુક જૂથ પૂરતી સીમિત ન બની રહે એવી એમની ઈચ્છા હતી. ફાધર અમલરાજે કાયદાનો અભ્યાસ કરીને એલ.એલ.બી ની ઉપાધિ મેળવી હતી જેથી લોકોને કાનૂની સહાય ને સલાહ વિના મૂલ્યે આપી શકાય. ઘણા લોકો તેમની આ સેવાનો પણ લાભ લેતા હતા. અને છેલ્લે મહત્ત્વની એક વાત. ફાધર અમલરાજની એક આગવી ખાસિયત જે મેં સતત નિહાળી છે તે આ છેઃ જરૂરિયાતમંદોને મદદ કરવાની તત્પરતા અને તે માટે આકાશ પાતાળ એકઠું કરવાની તૈયારી! એમના મૃત્યુ બાદ જે કોઈ મળે છે તે સહુ તેમની આવી ઉદાત્ ભાવનાનો ઉલ્લેખ કર્યા વિના રહેતા નથી. લોકોના મોંએ જ્યારે ફાધરની આવી પ્રશંસા સાંભળુ છું ત્યારે શેરમાં કહેલું આ ઘણું જ સાર્થક લાગે છેઃ

જીંદગીનો એ જ સાચો પડઘો છે 'ગની' ,
વ્યક્તિ હોય ના ને એનું નામ બોલાયા કરે.

# Letter to the person with a Difference!

**13 September, 2014**

**Fr. Girish, SJ. - Unteshwari - Kadi**



Dear Amal,

Greetings from your Girish Bapu as you usually used to call me whenever we met.

This morning as usual after breakfast when I checked my emails I was shocked to read about your sudden departure. I knew you were sick and you were under treatment at Our Lady of Pilar Hospital, Baroda. But, I never thought that you would depart from all of us so soon. For, I found you always energetic and enthusiastic about the happenings of our province and its development. Well, finally you have taught me to accept things as they are and to welcome things joyfully as they come. Well, you have gracefully welcomed the call of God today (13.9.2014) at 00.30am. When all were in deep sleep at mid-night you seemed to have had conversation with the Lord and finally you could surrender totally by saying – "Into your

hands I commend my Spirit oh Lord!"

I was somehow deeply convinced that this was not the age when you have to say BYE to all of us so early! This somehow triggered me to check your bio-data from our catalogue. There I noticed: Birth – 13 December 1949; Entered the Society of Jesus: 15 June 1972; Ordained Priest: 2 May 1982; Final Vows: 8 September 1987. So, quietly at the age of 65 without anyone's attention you have gone before us to have the beatific vision of God in the company of Angels and Saints! May you continue to live joyfully in the company of eternal beings and kindly send us your blessings for we the earthly beings need your kind intercession! I admire you for having taught a lesson from your own physically challenged life: "Slow and steady wins the race!" Finally on this date you have won the race and have received the eternal reward – the life everlasting! Thanks be to God and May your soul Rest In Peace!

At this moment I want to share with you of my association with you and with your native place. I know that you were from Tamil Nadu and your native place was Kalladithidal near Anandoor, the land of Maravas where our dear Jesuit Saint John de Britto was martyred at Oriyur. In fact you were deeply touched by the missionary spirit of this Portugal Britto and you too wanted to become a missionary like him. So, you left your place and came as a young boy to become a Missionary in Gujarat. With your initial enthusiasm you wanted to serve as a Jesuit Novice to teach catechism to the students. Due to the fatal accident at Sabarmati you lost your left leg and got fixed an artificial leg instead. With that you became lovingly as the 'langada Amal'(lame Amal) to all and made a remarkable difference in the Society and society at large till your last breath. Your ever YOUTHFUL life and Mission with the youth and others have become really the JOY OF THE GOSPEL to many within and outside Gujarat.

While we the missionaries of North Gujarat Mission is getting ready to celebrate the Golden Jubilee of our Mission on October 2 at Unteshwari along with the 44th annual feast, we were getting ready to invite you for this great event for we hear from your own students and you yourself have told me many times that you as a scholastic spent your week end ministry in the midst of Kalol boys' boarding. To me you were one of the forerunners who paved the way for my future ministry. Somehow this kept you alive and you often told me – "Remember Girish Bapu, before you, I was there!" Well, your liking for North Gujarat never got diminished. Somehow once again you came back and from BSC Ahmedabad you were conducting your programme in Danta and Vadgam, the civil NG regions! In spite of your physical disabilities you could move everywhere in the South, Central and North Gujarat, namely Surat, Baroda, Vidhyanagar, Ahmedabad, Kalol, Danta, etc. and you moved everyone of your contacts spiritually and socially to soul search their inner and outer movements. Truly you were attuned to the life of converted Ignatius and you could draw inspirations from him to face the 'challenged life' as a Jesuit - Scholastic, Priest

and Social Activist! amDg!

What a joy for me to witness your priestly ordination in the campus of Madurai St. Mary's Cathedral on May 2nd 1982. I was a candidate for Gujarat to attend the vocation camp. There I was glad to see you getting ordained with your vibrant Gujarat companions Stanny Jebamalai and M.I.Raj. At one moment, at that time, I was stunned to see you limping, yet with the firm footing! I saluted at that moment only for the caring and understanding Society of Jesus and I wanted to belong to this Society which accepts all kinds of 'persons with disabilities' with an unconditional motherly love! Viva Madre Compaña de Jesus! Today the mother Society is proud of you dear AMAL, for you were PURE true to your name and have made a real difference in the Society to labour always for God and His peoples without seeking for rest. Truly your strengths have over powered your weaknesses! Thanks to your past Provincial's right discernment to accompany you till the end. Hence, Our option is very clear Amal to accompany the marginalized, poor, weak and vikalang (disabled) as a life-long Mission! You so well experienced the spirit of the Society, in turn you, as a differently-abled, were at the side of the disadvantaged and displaced! Thanks be to God!



In the Society, I always admired you Amal for your charm and enthusiasm! Whenever and wherever we met, we met as loving companions of Jesus. Age was not barrier, for we both were barrier-free in our interest for the Mission in Gujarat. This was our talk when I met you along with Fr. Jerry Sequeira, your caring Rector, 10 months back in your room at Vidhyanagar. How can I forget your encouraging words? How can I forget your humourous nature? How can I forget your expressed dreams for the Youth of the entire three Latin rite Dioceses of Gujarat?

Here I attach a picture which we took in your room.

Your external transparency has revealed your inner disposition to be ever open to all at all times. Thanks for being a mentor to serve the persons in need. Truly, like St. Paul, I could notice in you: When you were weak, you were strong Amal! Thanks for your friendship and companionship!

Looking forward to meet you one day at an appropriate time!

In Christ Jesus,

# મારો અનુભવ

પરમાર દિપીકા જે. (નડિયાદ)



સ્વર્ગમાં જઈ વસેલા અને હજુ પણ અમારા હૃદયમાં ઝળહળી રહેલા ફાધર અમલરાજ સાથેનો મારો અનુભવ જણાવતાં તેમની સાથે પસાર કરેલો મારો ચાર વર્ષનો અનુભવ જણાવતા મને એક નાની વાર્તા યાદ આવે છે. સરસ મજાના બાગમાં એક સફેદ રંગનું ફૂલ હતું પણ તે ફૂલની આસપાસ ઘણા કાંટા હતા તેમ છતાં એક પક્ષી તે ફૂલને ઘણો પ્રેમ કરતું હતું. પક્ષી રોજ આ સફેદ રંગના ફૂલને જોવા માટે બાગમાં જતું હતું અને તે જોઈને ઘણું જ હરખાતું અને ખુશ થતું હતું. એક દિવસ ફૂલને તેણે કહ્યું, 'એ ફૂલ હું તને ઘણો જ પ્રેમ કરું છું.' ફૂલે તેને વળતો જવાબ આપતા કહ્યું, 'તું મારા માટે કંઈક કરીને બતાવ કે જેનાથી મને થાય કે તું મને ખરેખર પ્રેમ કરે છે.' બિચારું લાચાર પક્ષી કાંઈ જ કરી શકતું નહોતું, છતાં તે ફૂલને જોવા રોજ બાગમાં જતું હતું. ફૂલની આજુબાજુ કાંટા હોવાથી તે કાંટામાં જઈ અથડાતું અને તેના શરીર પર રોજ એક કાંટો વાગતો હતો. આમ કાંટો વાંગવાથી તેના શરીરમાનું લોહીનું એક બુંદ પેલા સફેદ ફૂલ પર જઈ પડતું હતું. આવું રોજ થતું. પેલું સફેદ ફૂલ પક્ષીના રૂધિરથી લાલ થતું ગયું ને અંતે પક્ષીના શરીરમાંથી રૂધિર વહી જતાં એક દિવસ તે એ સુંદર મજાનો બાગ, ફૂલ અને દુનિયા છોડીને ભગવાનની પાસે ચાલ્યું ગયું.

મિત્રો, આ વાર્તા દ્વારા હું એટલું જ કહેવા માગું છું કે એક પક્ષીરૂપે હું ફા. અમલરાજને જોઉં છું કે જેમણે એક સુંદર મજાના વિકાસલક્ષી બાગ એવા AGSDM (All Gujarat Students Development Movement) / AYCM (Adivasi Yuva Chetna Manch) ને તેમના લોહીના બૂંદ દ્વારા વિકાસશીલ બનાવ્યા. પોતે પૂરેપૂરા ઘસાઈ જઈને લોકોનો વિકાસ થાય તે માટેનાં કાર્યો હાથ ધર્યા અને બને તેટલો સાથ સહકાર આપ્યો. મારો અનુભવ જણાવતાં હું અનહદ આનંદની લાગણી અનુભવું છું. મને તેમની સાથે બે શિબિરમાં રહેવાનો જે લહાવો મળ્યો તેને હું યાદ કરું છું. તે શિબિરોમાં મને તે પોતાની દિકરીની જેમ રાખતા, સાચવતા સાથે સાથે સચોટ માર્ગદર્શન પણ પૂરું પાડતા. મારા વ્યક્તિત્વ વિકાસમાં તેમનો ફાળો અમૂલ્ય છે. ફા. અમલરાજનો હું દિલપૂર્વક આભાર માનું છું. આજે તેઓ આપણા સૌની વચ્ચે નથી પરંતુ તેમનાં કાર્યો યાદ કરવા માંગું છું. અંતે પરમપિતાને રોજ રોજ પ્રાર્થના કે પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે!

મૃત્યુ દૈહિર જુદાઈથી તડપાવે છે,  
યાદ ભરેલું દિલ સાથ જ અનુભવે છે.  
તમ મૂલ્યો અમારા જીવન થકી વહો  
અમારા થકી તમ સદૈવ જીવતા રહો.

# એકલપગા અમલરાજનાં વિશાળ પગલાં

**રતિલાલ જાદવ**



ફા. સેબાસ્ટિયન અમલરાજ સાથે છેલ્લા ૩૦ વર્ષનો નાતો. તેમની સાથેની મારી પહેલી અને છેલ્લી ઈનિંગ્સની ભાગીદારી આશાદીપમાં રહી. ફા. અમલરાજ એક મિત્ર અને સહકાર્યકર તરીકે એક અદના માણસ હતા. પોતાની અપંગતાને તેમણે ક્યારેય પોતાના કાર્ય માટે બોજ બનવા દીધી નહી. તેમણે પોતાની કાર્યશૈલીને પોતાની રીતે ઢાળી દીધી હતી. તેમની કામ કરવાની ઝડપ અનેરી હતી. કાર્યનો ઝડપી નિકાલ કરવાની તેમની પધ્ધત્તિથી કેટલીક વખત અડચણ પણ થતી પણ મહદ્અંશે તેને લીધે કામ ઝડપથી પુરું થતું. વિલંબ કે રાહ જોવાની રહેતી નહોતી. તેમનો સ્વભાવ હસમુખો અને ગમ્મતિયાળ હતો. જોક કહેવાના ભારે શોખીન. કેટલીક વખત રૂબરૂ ના મળાયું હોય તો ફોન કરતા. મને ઘણી વખત લાગતું કે કંઈક અગત્યનું કામ આવ્યું હશે પણ તેઓ તો જોક સંભળાવવા લાગી જતા. તેમને કેટલીક વખત એકલતાપણું વસમું લાગતું હતું આથી ઘણી વખત તેમને સાંભળવા, મારા માટે તેમને માનસિક સંતોષ આપવાનું કાર્ય બની જતું. કેટલીક વખત અગત્યનું કાર્ય પડી મૂકીને, કંટાળો આવે તો પણ તેમને સાંભળવાનું કાર્ય નિભાવતો. અમુક વાતો તો એવી હતી કે મેં તેને વારંવાર સાંભળી હોય તો પણ જાણે કે પહેલી વાર સાંભળતો હોઉં તેમ ખૂબ ધ્યાનથી સાંભળતો અને તેમ કરવાથી તેમના મુખ પરના ભાવ જોતાં સંતોષ મળતો. તેમના કેટલાક અનુભવો એવા હતા કે જે તેમને આનંદ આપ તા આથી એવા અનુભવો અનેક વખત સાંભ્યા હોવા છતાં હું તેમને યાદ કરાવતો અને તેઓ ખૂબ જ ભાવ અને આનંદ સાથે તેનું વર્ણન કરતા. આનાથી તેમને અનેરો સંતોષ મળતો. કેટલીક વખત મને તેમના સંન્યાસીપણાની વાત કરતાં કહેતા કે અમારી વૃધ્ધાવસ્થા અને બિમારીની અવસ્થા ખૂબ જ કપરી હોય છે. સંસારી જીવનમાં છેલ્લે પોતાનું કહી શકાય એવી વ્યક્તિનો સાથ કે પોતાના મનની વાત કહેવાની જગ્યા હોય છે જ્યારે સંન્યસ્ત જીવનમાં તેની ભારે ખોટ પડે છે. આ વાત કહેતાં કેટલીક વખત તેઓ ભાવવિભોર થઈ સંસારી જીવતરના દાખલાઓ ટાંકતા. આમ છતાં તેઓ સંન્યસ્ત જીવનથી ખૂબ જ ખૂશ હતા. ઈસુસંઘ પ્રત્યે તેમનો પરિવારભાવ અદકેરો હતો. ઈસુસંઘના વખાણવા લાયક નિયમો અને વ્યવહારોથી તેઓ ગર્વ અનુભવતા હતા.

ફા. અમલરાજ ટીમ વર્ક અને લોક ભાગીદારીથી કાર્ય કરવામાં માનતા હતા. તેમના દ્વારા અગાઉ આશાદીપમાં કારકીર્દી માર્ગદર્શનની એક આદર્શ ટીમ ઉભી થઈ હતી. પોલભાઈ દ્વારા તેનું સફળ કોઓર્ડીનેશન થયું. હતું. આ ટીમમાં ચંદ્રવદન મેકવાન, આઈ.પી. ક્રિશ્ચિયન, વિકટર મેકવાન, શૈલેષ ક્રિસ્ટી વગેરે નિષ્ણાતોએ પોતાનું યોગદાન આપેલું. ત્યારબાદ ફા. અમલરાજ છેલ્લી વખત આશાદીપના ડાયરેકટર બન્યા ત્યારે ફરી યુવાપ્રવૃતિ માટે આવી ટીમ ઊભી કરવા પ્રયાસ કરેલો પણ તેમાં સંસ્થાગત વહીવટીય અડચણો આવતાં સફળતા મળી નહોતી. ગુજરાત લેવલે આશાદીપ યુવા પ્રવૃતિ હાથ ધરે તે માટે એક કોર ટીમ બનાવી હતી. તેમાં શરૂઆતના તબ્બકે ચંદ્રવદન મેકવાન, આઈ.પી. ક્રિશ્ચિયન, રતિલાલ જાદવ, જોસેફ પટેલીયા, બાબુભાઈ શિવાભાઈ, રમેશભાઈ ક્રિસ્ટી, જેકબભાઈ મેકવાન દ્વારા યુવા પ્રવૃતિ માટેનું પાયાનું માળખું તૈયાર કરેલું. યુવા વર્ગની જરૂરીયાત મુજબ જુદા જુદા ક્ષેત્રે પદ્ધતિસરનું આયોજન કરેલું. આ આયોજન જેસુઇટ યુથ મિનીસ્ટ્રી દ્વારા આગળ વધે તેવો વિચાર હતો. પરંતુ તેમાં અમુક કારણોસર સફળતા મળી નહી અને શરૂઆતમાં કરેલી મહેનત કામે ના લાગી.

કામદારો, મહિલાઓ, દલિતો અને આદિવાસીઓ, ગરીબોના અધિકારો માટે જીવનપર્યંત ઝઝૂમતા રહ્યા. તેઓ નવા નવા વિચારો, કાર્યક્રમો માટે હંમેશાં વિચારતા રહેતા અને આ અંગે લોકો સાથે સતત ચર્ચા કરતા. તેમની સાથે કામ કરનારાને પૂરતી સ્વતંત્રતા અને સાથ આપતા.

ફા. અમલરાજ એક વ્યક્તિ તરીકે 'સૌનો સાથ' વિચારધારામાં માનતા હતા. આમ છતાં તેમનામાં અમુક અંશે જાતે જ નિર્ણયો લઈ લેવાની ઉતાવળ તેમ જ અમુક બાબત કરવી એટલે કરવી જ એવા જીદ્દી સ્વભાવને કારણે ખર્ચ અને વહીવટમાં મુશ્કેલીઓ ઊભી થતી. તેમની સૌથી ટીકાત્મક બાબત 'તોડવું અને બાંધવું' તેમ જ અમુક કાર્યક્રમ બંધ કરવા કે અમુક સ્ટાફને કાઢવા. આ તેમની બાબત સારી હતી કે ખોટી તે અલગ વાત છે પણ આને લીધે તેમનાં સારાં કામોની ભાગ્યે જ નોંધ લેવાતી જ્યારે નકારાત્મક બાબતોને વધુ જોવામાં આવતી. આને લીધે તેમને સમજવામાં ભારોભાર અન્યાય થતો.

એકલપગા અમલરાજના કામની રચનાત્મક અસરો ઘણી મોટી છે, જે તેમના મૃત્યું પછી પણ જીવંત રહેવાની. સમાજે અને ઈસુસંઘે એક સંનિષ્ઠ જાંબાઝ ગુમાવ્યો છે. તેમના મૃત્યુ પછી તેમને યાદ કરનારાઓની સંખ્યા ઘણી વિશાળ છે. આ જ બતાવે છે કે ફા.અમલરાજ બધાને ભાવતા માણસ હતા.

# મારો અનુભવ

**નરેશ ડોડિયાર**



આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર ખાતે હું છેલ્લા ૪ વર્ષથી "આદિવાસી યુવા ચેતના મંચ" સાથે કામ કરું છું. સ્વ.ફા. અમલરાજ સાથે મારો ગુરુ-શિષ્ય જેવો સંબંધ હતો. મારા કામ પ્રત્યે તેમને હંમેશા માન હતું. મને પણ સ્વ. ફા. અમલરાજ પ્રત્યે ખૂબ જ લાગણી અને પ્રેમ હતો.

શરૂઆતમાં સ્વ.ફા.અમલરાજ જ્યારે મિટિંગ માટે બોલાવતા ત્યારે હું મારી વાતનું બેથી ત્રણ વખત પુનરાવર્તન કરતો, ત્યારે મારી વાત સમજી સાંભળી શકતા. અમુક વખતે મારાથી કંઈક ખોટુ કહેવાયું હોય અથવા ખોટુ કામ થયું હોય તો તે તુરંત જ મને બોલી જતા, પણ બીજી જ મિનિટે ફરી મજાક કરવાનું ચાલુ કરી દેતા. એક એવું વ્યક્તિત્વ જે અયોગ્ય સમયે ઠપકો પણ આપે, અને યોગ્ય સમયે કદર પણ કરે.

તેમણે આદિવાસી યુવા ચેતના મંચના ૪૦ કરતાં પણ વધારે મુખ્ય ગૃપના સક્રિય સભ્યો બનાવ્યા જે અત્યારે એક મેસેજ મળતા જ અશાદીપમાં ઉપસ્થિત થાય છે. આ યુવાનોને સામાજિક શિક્ષણ, કારકિર્દી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસની યોગ્ય તાલીમ આપવી, બહારથી જુદાજુદા વિષયોના તજજ્ઞોને બોલાવીને "આદિવાસી યુવા ચેતના મંચ" ને સક્રિય બનાવવા સ્વ.ફા. અમલરાજનો મહત્વનો ફાળો રહેલ છે.

દર વર્ષે શરૂઆતમાં આદિવાસી વિદ્યાર્થીઓની હોસ્ટેલ, કોલેજ શરૂ થાય તેના બે મહિના પછી ચાલુ થાય છે. તે સમયગાળા દરમ્યાન મોટાભાગના વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી ગામડે જ રહી જતા હતા. તેઓ જ્યારે હોસ્ટેલ (બે મહિના પછી) ચાલુ થાય ત્યારે આવે જેના કારણે તેમનો અભ્યાસ બગડતો હતો.આવા આદિવાસી વિદ્યાર્થીઓ આશાદીપ ખાતે રાખવામાં સ્વ.ફા. અમલરાજે કંઈ પણ કચાસ છોડી ન હતી. (આ વ્યવસ્થા દર વર્ષે કરવામાં આવે છે.) વળી આદિવાસી અધ્યાપક મંડળ શ્રી બલદેવ આગજા સાહેબ સાથે મળીને એક મજબૂત મંચ (સંગઠન) ઊભું કરવામાં મહત્વનો ફાળો છે. યુવાનોને સતત માર્ગદર્શન, પ્રેરણા આપીને વિદ્યાર્થીઓનું ઘડતર કરનાર સ્વ.ફા. અમલરાજને કોટિ કોટિ વંદન..

સમસ્ત "આદિવાસી યુવા ચેતના મંચ", "અખિલ ગુજરાત આદિવાસી અધ્યાપક મંડળ", AYCM - મુખ્ય ગૃપ વતી સ્વ.ફા. અમલરાજને શ્રધ્ધાંજલી પાઠવીએ છીએ.

# JEMAI 4th Natioanl Tribal Festival - Vyara

**Ashwin S. Bodar**



તા. ૨૮ થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ JEMAI કેમ્પનુ આયોજન વ્યારા ખાતે કરવામાં આવ્યું. આ કેમ્પમાં ભારતનાં વિવિધ રાજ્યો કેરાલા, મહારાષ્ટ્ર, ઝારખંડ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ગુજરાત અને તદ્દપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકન આદિવાસી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના દક્ષિણ તથા અન્ય જિલ્લાઓમાંથી આદિવાસી લોકો આવ્યા હતા. આ JEMAI કેમ્પમાં ૭૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. દરેક રાજ્યના લોકોનું પરંપરાગત આદિવાસી સંસ્કૃતિ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દરમ્યાન આદિવાસીઓની ઓળખ શું છે, અલગ અલગ રાજ્યોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો શું છે, તેમજ તે પ્રશ્નો સામે લડવા માટે આદિવાસીઓએ શું કરવું જોઈએ, આદિવાસીઓની પોતાની નબળાઈ શું છે, અંધશ્રધ્ધા અને ડાકણપ્રથા નાબૂદ કરવા માટે શું કરવું જોઈએ, આ બધા મુદ્દાઓને લઈને વાત કરવામાં આવી હતી. આ કેમ્પમાં AICUF (All Indian Catholic University Federation અને Adilok (આદિવાસીઓનું મુખપત્ર)આદિવાસી સમાજ માટે શું કામ કરે છે તેની માહિતી આપવામાં આવી હતી. છેલ્લા દિવસે ઉકાઈ ડેમની મુલાકાત લીધી હતી. આ ડેમ બનાવવા માટે આદિવોસીઓનાં ૭૦ ગામડાંઓનો નાશ કરવામાં આવ્યો હતો અને તેમનું વિસ્થાપન ક્યાં કરવામાં આવ્યું અને તે બધા લોકો ક્યાં ગયા તે કોઈને ખબર નથી. આવા અનેક પ્રશ્નોના ભોગ આદિવાસી સમાજના લોકો બને છે. આ કેમ્પના અંતમાં 5th **JEMAI Natioanl Tribal Festival** રાંચી ખાતે ઉજવવામાં આવશે એવું જાહેર કરી આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

# માહિતી અધિકાર અધિનિયમ સેમિનાર - રિપોર્ટ

**ગોપાલ જે. રાઠવા**



તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ વલ્લભ વિદ્યાનગર ખાતે "માહિતી અધિકાર અધિનિયમ" પર સેમિનાર રાખવામાં આવ્યો જેનું આયોજન પી.જી. ડિપાર્ટમેન્ટ ઓફ પોલિટીકલ સાયન્સ અને આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ હરિશ પાઢ સાહેબ હાજર રહ્યા હતા. અમદાવાદ શહેરની જનપથ સંસ્થાના કાર્યકર્તા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ઉપર વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં આશરે ૪૫૦ જેટલાં વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. વકતવ્ય આપનાર અને પ્રેક્ષકો વચ્ચે માહિતી અધિકાર અધિનિયમના અન્વયે ઘણા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને તથા પ્રાધ્યાપકોને પ્રમાણપત્ર આપી સેમિનારની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

# આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ - રિપોર્ટ

**આદિવાસી યુવા ચેતના મંચ, વડોદરા**

**રાઠવા પ્રિયંકાબેન આર.**



અમે તા.૨૪-૦૮-૨૦૧૪ ના રોજ વડોદરા મુકામે AYCM (Adivasi Yuva Chetna Manch) ગૃપ દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઊજવણી માટે ભેગા થયા. ત્યાં અમે ૧૦:૦૦ કલાકે પહોચ્યા. ત્યારબાદ ત્યાં AYCM ના વિદ્યાર્થીઓ દ્વારા કંકુ અને ચોખાના ચાંદલા, મોં મીઠું કરવા માટે ચોકલેટ અને લીલી રીબીન બાંધીને સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ૧૧:૦૦ કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સુનિલ રાઠવા અને વસંતા વસાવા દ્વારા બધાનું સ્વાગત કરવામાં આવ્યું અને પ્રોગ્રામની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. તેમાં અર્જુન રાઠવા, અરૂણ ચૌધરી, ફા.વિજય ડિસોઝા (રાજ્યના સલાહકાર), પ્રશાંત વસાવા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ મહેમાનોનું મંચ પર સ્વાગત કરવામાં આવ્યું. નરેશ ડોડિયાર દ્વારા આદિવાસી યુવા ચેતના મંચ ઉપર પ્રેઝનટેશન રજૂ કરવામાં આવ્યું. AYCM વિશે માહિતી અને આશાદીપમાં ચાલતી ઘણી પ્રવૃત્તિઓથી અમે માહિતગાર થયા. વડોદરાના વિદ્યાર્થીઓને પણ આ ચળવળમાં જોડાવા માટે પ્રોત્સાહન આપ્યું.

ત્યારબાદ અર્જુન રાઠવા જે પાવી જેતપુરમાં અંગ્રેજી વિષયના પ્રોફેસર તરીકે કામ કરનાર તેઓએ આદિવાસી કેળવણી અને સુધારાઓ વિશે ચર્ચા કરી. તેઓએ આદિવાસીઓના વિકાસ, આદિવાસીઓનો ઈતિહાસ, આદિવાસીઓના અધિકાર વિશે વકતવ્ય આપ્યું અને આદિવાસીઓની હાલની વાસ્તવિકતાઓ વિશે થોડી માહિતી આપી.

અરૂણ ચૌધરી જેઓ રાજપીપળા મુકામે રાજપીપળા રેન્જ ફોરેસ્ટમાં કાર્યરત છે. તેઓએ આદિવાસી સંસ્કૃતિઓ, વ્યક્તિત્વ વિકાસ અને પહેલાના સમયના ભીલ રાજાઓ વિશે ચર્ચા કરી. તેઓએ ડાંગના રાજાઓ વિશે પણ ચર્ચા કરી. અને તેમના દ્વારા થયેલા અનુભવો વ્યક્ત કર્યા. સમસ્ત આદિવાસી મહાવિદ્યાલય ઉત્તમ પ્રોજેક્ટ દ્વારા ચાલતી માહિતી આપી.

ફા.વિજય ડિસોઝાએ વિદ્યાર્થીઓને આશાદીપમાં જોડાવા પ્રોત્સાહન આપ્યું અને આશાદીપમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી પ્રોત્સાહન પુરુ પાડ્યું.



અંજલી ગામીત દ્વારા આભારવિધિ કરવામાં આવી. પછી રાઠવી ડાન્સ નિહાળવા માટે રોઝરી સ્કુલના હોલમાં ગયા. પ્રોગ્રામ નિહાળ્યા બાદ સૌ બપોરનું ભોજન લેવા માટે ગયા.

૧.૩૦ વાગે પ્રોગ્રામ સુનિલ રાઠવા દ્વારા સેશનની શરૂઆત કરવામાં આવી. રાઠવા સુનિલ સર્વે વિદ્યાર્થીઓને AYCM ગૃપમાં વધારેને વધારે ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું.

આમ, સુંદર પ્રોગ્રામના આયોજન બદલ વિદ્યાર્થીઓએ આયોજકોનો આભાર માન્યો અને ૩ વાગે પ્રોગ્રામની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

# માજીસ ૨૦૧૪ યાત્રાનો - રિપોર્ટ

## ચૌધરી અંકિતભાઈ ડી.

MAGIS (માજીસ) ૨૦૧૪ પ્રોગ્રામનું આયોજન તા. ૩૧-૧૦-૧૪ થી ૬-૧૧-૨૦૧૪ સુધી જીવનદર્શન વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં ગુજરાતના અલગ અલગ ભાગોમાંથી કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ માજીસ પ્રોગ્રામનું સંચાલન GJYM (Gujarat Jesuits Youth Ministry) /AGSDM (All Gujarat Students Development Movement) દ્વારા કરવામાં આવ્યું હતું. આ પાંચ દિવસ દરમિયાન જુદા જુદા દિવસે અલગ અલગ ફાધરો દ્વારા જુદા-જુદા વિષયો ઉપર સેશન લેવામાં આવ્યું હતું. તેમાં ફા. વિજય, ફા. અશોક, ફા.રેમન્ડ, ફા.જીતુ, ફા.અલ્પેશ, ફા. વિનય એમ દરેક ફાધરે આ પાંચ દિવસ દરમ્યાન ખૂબ જ સારું ઉપયોગી ભાથું વિદ્યાર્થી મિત્રોને પીરસ્યું હતું.



પ્રથમ દિવસની શરૂઆત સર્વે વિદ્યાર્થી મિત્રોના સ્વાગત સાથે એક રમત રમાડી એકબીજાનો પરિચય કરાવવામાં આવ્યો હતો. પરિચય બાદ માજીસનો અર્થ ફા.વિજય દ્વારા સમજાવવામાં આવ્યો.

બીજા દિવસે ફા. અશોક વાઘેલાએ માજીસ શું છે તેના વિશે વિસ્તારથી સમજાવ્યું. ત્યાર પછી સ્વ-ઓળખ વિશે વિસ્તૃત ખ્યાલ ઉદાહરણ આપી સમજાવવામાં આવ્યો. ત્યાર બાદ સંત ઈગ્નાસના જીવનની ઝાંખી કરાવવામાં આવી. નાનકડા ચલચિત્ર દ્વારા સંત ઈગ્નાસના જીવન વિશેની માહિતી આપી જણાવવામાં આવ્યું કે 'સર્વ કાંઈ પ્રભુના અધિક મહિમા અર્થમાં'. ત્યારબાદ જોસેફભાઈએ પોતાનો અનુભવ જણાવ્યો. તેમણે વધુમાં જણાવ્યું કે મલેશીયામાં કેવી રીતે સંઘભાવના ચાલે છે. ફા.રેમન્ડ દ્વારા એક પ્રાર્થના કરાવી ચલચિત્ર દ્વારા સેશન ચલાવવામાં આવ્યું. ઉપરોક્ત વિષય અનવ્યે તેમણે પ્રેઝનટેશન રજૂ કર્યું. તે સંત ઈગ્નાસનું જીવન ચરિત્ર ઉપર આધારિત હતુ. જે નાબુદીકરણ અને તેનું પુનઃસ્થાપના ક્યારે થઈ તેના વિશે વિસ્તૃત માહિતી આપી. ઈસુસંઘનું નાબુદીકરણ ઈ.સ. ૧૭૭૩ અને પુનઃસ્થાપના ઈ.સ. ૧૮૪૧માં થયું હતું.

ત્રીજા દિવસે ખંભોળજ અનાથોની માતાના ધામ મુકામે એક ધાર્મિક પગપાળા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીએ પદયાત્રા ભક્તિભાવથી કરી અને ચાલતા ખંભોળજ પહોચ્યાં પછી ફા.જીતુ દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરાવવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીએ પ્રાર્થના કરી આ આર્શિવાદ લઈ પરત જીવનદર્શન બરોડા પાછા ફર્યા.

ચોથા દિવસે શ્રમદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુના અધિક મહિમા અર્થે આપણે શું કરી શકીએ એ મહત્વનું હતું. કબ્રસ્તાનની સાફસફાઈ કરી અને ખાડો પુરવાનું શ્રમદાન કર્યું હતું. શ્રમદાનમાં દરેક સભ્યે હર્ષ અને ઉલ્લાસથી ભાગ લીધો.

પાંચમાં દિવસે સવારે પ્રાર્થના કર્યા પછી એ આખો દિવસ સર્વ વિદ્યાર્થીઓએ આધ્યાત્મિકતામાં પસાર કર્યો અને એ પાછળનો મુખ્ય ઉદ્દેશ શાંતિ મેળવવી ,આધ્યાત્મિક અનુભવ, સ્વની ઓળખ કરવી વગેરે હતો. ત્યારબાદ ફા.જીતુએ સંતના લક્ષણો, સંત કેવી રીતે બની શકાય વગેરે પ્રશ્નોના જવાબ આપ્યા.

છઠ્ઠા દિવસે એક કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત ઈગ્નાસની કથા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી જેમાં તેમના જીવનનું મૂલ્ય સમજાવવામાં આવ્યું. કથા બાદ ખ્રિસ્તયજ્ઞ રાખવામાં આવ્યો હતો. જેમાં બધાએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો. જમ્યા બાદ કેમ્પનું મૂલ્યાંકન કર્યું. બધા ગ્રૃપે સાંસ્કૃતિક પ્રોગ્રામની તૈયારી કરવા લાગ્યા અને રાત્રી જમ્યા બાદ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ આભારવિધિ કરીને પ્રોગ્રામની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

# GJYM Programme's Photos



















Film appreciation and Journalism for St. Xaviers
Boarding students, Anand..on 4th and 5th Oct.


Parents training program at
Bardipada...from 10th to 12th
October...


Personality development camp at Adas
Village with SFPY, St Xavier's Anand
Parish...


Cader Training Programme (AICUF Chennai)
27th to 31 October 2014
AICUF


Adivasi Samelan, Vyara (JAMAI)
28th to 31 October 2014


Magis – Gujarat
31 October to 6 November

## મુખ્ય માર્ગદર્શકની કલમે....



મારા વ્હાલા યુવા મિત્રો

ફાધર અમલરાજની પુરોહિત તરીકેની કારકિર્દી આશાદીપ વિદ્યાનગરથી શરૂ થઈ હતી, જે તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૪માં પૂરી થઈ. મોટાભાગનાં તેમનાં કારકિર્દીનાં વર્ષો તેમણે યુવાનો માટે અને યુવાનોની સાથે વિતાવ્યાં. હંમેશાં યુવાન હૃદય ધરાવતા ફા.અમલની અંતિમ ઈચ્છા વિદ્યાર્થીઓ માટે એક હોસ્ટેલ બનાવવાની હતી. જેથી વિદ્યાનગર આવતા વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ના પડે, તેઓ મૂલ્યો આધારિત નીતિથી પોતાની ફરજ બજાવતા રહ્યા અને આપણા સૌ માટે એક પ્રેરણામય નમૂનો બની રહ્યા. વ્યક્તિત્વ વિકાસ શિબિરોમાં હું હંમેશા એમનું ઉદાહરણ ટાંકતો અને મિત્રોને પૂછતો તમને તરતાં આવડે છે અને જેમને ન આવડતું હોય તે સૌને કહેતો કે ફાધર અમલને એક પગ વડે તરતાં જુઓને એમની પાસેથી શીખો. જેઓને તરતાં આવડતું હોય તેઓને હું કહેતો કે તમે તો બે પગ વડે તરી શકો એમાં નવાઈ શી? ફા. અમલ અપંગ હોવા છતાં તમારા કરતાં સારી રીતે તરી શકે છે. એવા સ્વ. ફા. અમલરાજ આપણો પ્રેરણાસ્ત્રોત નહીં તો બીજું શું ? ફા. અમલ અમે સૌ યુવાનો તમને યાદ કરતા રહીશું અને તમારો જીવન સંદેશ હંમેશાં અમને આદર્શ પૂરો પાડતો રહેશે. હે પ્રભુ અમારા ફા. અમલના આત્માને ચિર શાંતિ બક્ષો.

ફા. વિજય ડિસોઝા એસ.જે.
યુથ કો-ઓર્ડિનેટર
સ્ટેટ એડવાઈઝર (AGSDM)

**'જ્યોત'માં પ્રસિદ્ધ થતાં લેખો, મંતવ્યો કે કોઈપણ પ્રકારની કૃતિ માટે તંત્રી કે પ્રકાશક જવાબદાર નથી પણ લેખક પોતે જવાબદાર રહેશે. પ્રકાશિત થતાં લેખો, મંતવ્યો કે કોઈપણ પ્રકારની કૃતિઓમાં રજૂ થતાં વિચારો કે લખાણો સાથે તંત્રી કે પ્રકાશક સહમત છે તેમ માની લેવું નહીં. પરંતુ 'જ્યોત' સામાયિક યુવક-યુવતીઓના વિચારોને પ્રદર્શિત કરતું એક ત્રિમાસિક છે તથા તેમના વિચાર-વાણીની સ્વતંત્રતાને પ્રાધાન્ય આપે છે.**

**લેખો નીચેના સરનામે મોકલવા વિનંતીઃ**
**તંત્રીશ્રી 'જ્યોત', આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર,**
**નાના બજાર, વલ્લભ વિદ્યાનગર — ૩૮૮ ૧૨૦**
**— તંત્રી**

તંત્રી મંડળ :— કેન્દ્રિય સંયોજક સમિતિ • પ્રકાશક :— આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર, વિદ્યાનગર — ૩૮૮૧૨૦ • ફોનઃ (૦૨૬૯૨) ૨૩૭૬૦૩
ટાઈપિંગઃ અનિકાબેન • લેસર-સેટઃ દિપક એ. ડાભી - ૯૨૨૭૬૪૮૨૦૬ • મુદ્રકઃ આણંદ પ્રેસ, ગામડી-આણંદ